જાન્યુઆરી ૨૦૧૦ વર્ષ ૩ અંક ૧

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

India ECHOES
ONE WORLD ONE HUMANITY
For Private Circulation Only

અમારા વાંચકોનું નવું વર્ષ પ્રગતિમાન નીવડે, એવી અમે આશા રાખીએ છીએ. ન્યુઝલેટરને અમે હવે નવો જ ઓપ આપ્યો છે, જે વિશ્વના બધા જ એકોઝ ન્યુસલેટર્સ માટે એક્સરખો રહેશે.

આ અંકનો ક્રમ

પૂ.માસ્ટરના પ્રવાસ ....................................................પૃષ્ઠ ૧–૪
એનાઉન્સમેન્ટ્સ...........................................................પૃષ્ઠ ૫
પ્રાદેશિક પ્રવૃત્તિઓ.......................................................પૃષ્ઠ ૬–૧૦
પ્રકાશનું કેન્દ્ર...............................................................પૃષ્ઠ ૧૧







## પૂ. માસ્ટરનો પ્રવાસ

થુરૈયુર એ દક્ષિણ તામિલનાડુનું નાનકડું શહેર છે. તે ત્રિચિથી લગભગ ૪૫ કી.મી. દૂર આવેલું છે. અહીં વૃધ્ધિ ઝડપથી થઈ રહી છે, ૨૦૦૧માં અહીં બે અભ્યાસીઓ હતાં અને અત્યારે લગભગ ૧૫૦ અભ્યાસીઓ છે. આ વૃધ્ધિને લીધે, એક આશ્રમની જરૂર જણાતાં, અહીં એક એકર જમીનની ખરીદી કરવામાં આવી છે.

૨૫મી ઓકટોબરે, આ સેન્ટરની પૂ.માસ્ટરે લીધેલી પ્રથમ મુલાકાત દરમિયાન, અભ્યાસીઓએ તેમની કૃપાનો અનુભવ કર્યો હતો. એમણે લગભગ ૮૫૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો અને ત્યાર પછી તેઓ તમિલમાં બોલ્યા હતા. તેમના ભાષણમાં તેમણે જાતિ, લોભ અને બિનજરૂરી ક્રિયાકાંડથી ઉપર ઉઠીને પ્રગતિ કરવાની આવશ્યકતા પર અને આંતરિક પરિવર્તન લાવીને, આપણી બાહ્ય પ્રવૃત્તિઓ સાથે એનો મેળ બેસાડવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. એમણે કહ્યું હતું આનાથી બીજાઓનું ધ્યાન મિશન તરફ આકર્ષિત થશે.

આશ્રમનું બાંધકામ શરૂ થતાં પહેલાં જ, ભવિષ્યમાં આશ્રમની વિસ્તૃતીની શક્યતા પર માસ્ટરે ચર્ચા કરી હતી. આપણો અભિપ્રાય વર્તમાનના આધારે સીમિત હોય છે, ત્યારે એ સ્પષ્ટ છે કે વર્તમાનમાં સ્થાપના કરતા હોવા છતાં, તેમની દીર્ઘદષ્ટિ ભવિષ્ય તરફ જતી હોય છે.

## સીલીગુડી અને ગંગટોક

૨જી નવેમ્બરે, પૂ.માસ્ટર કોલકતાથી બાગડોગ્રા, વિમાન માર્ગે પહોંચ્યા હતા, જ્યાં અભ્યાસીઓની વિશાળ મેદનીએ, એમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. એરપોર્ટથી એક કલાકના રોડ માર્ગે તેમણે મિશને નવી મેળવેલી મિલકત તરફ જવા પ્રયાણ કર્યું હતું. તેપછી સાંજે ૫.૩૦ વાગે, સીલીગુડીની હોટલના કોન્ફરન્સ રૂમમાં, એમણે સત્સંગ કરાવ્યો હતો.

બીજે દિવસે સવારે, સત્સંગનો સમય ૭.૦૦ વાગ્યાનો નક્કી કરવામાં આવ્યો હતો, પરંતુ માસ્ટર તો ૬.૩૦ વાગ્યા પહેલાં જ, અભ્યાસીઓ ભેગા થાય એની રાહ જોતા, મેડિટેશન હોલમાં બેસી ગયા હતા. ત્યાર પછી તેઓ ૯ વાગે, ટીસ્ટા નદીની બાજુમાંથી પસાર થતા આહલાદક માર્ગે થઈને, સીલીગુડીથી ગંગટોક(સીક્કીમ) જવા રવાના થયા હતા. સીક્કીમની હદમાં તેઓ લગભગ બપોરના સમયે પહોંચ્યા હતા અને રંગપોના અતિથિગૃહમાં રોકાયા હતા. જ્યાં એમનું પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાંથી આગળ, એક કલાકની મુસાફરી કર્યા પછી, કુદરતી રીતે થયેલી ખાઈઓના પ્રાકૃતિક પ્રદેશમાં, એક રિસોર્ટ પર પહોંચ્યા હતા અને ત્યાંના સ્થાનિક આર્કિટેકચરના તેમણે વખાણ કર્યા હતાં. સ્થાનિક અભ્યાસીઓએ એમને આવકાર્યા હતા અને સૂર્ય પ્રકાશમાં, વિશાળ પ્રાંગણમાં બેસવાનો આનંદ એમણે માણ્યો હતો. સીક્કીમ આવવાથી માસ્ટર ખૂબ ખુશ થયા હોય એવું સ્પષ્ટ રીતે દેખાઈ આવતું હતું અને તેમણે પણ એનો ઉલ્લેખ ઘણીવાર કર્યો હતો.

વાતચીત દરમિયાન કોઈએ કહ્યું, કે લોકો સહજ માર્ગમાં જોડાય છે, પણ પછી તરત છોડીને જતા રહે છે. આ બાબતમાં માસ્ટરે કહ્યું હતું, “લોકો આવશે અને જશે, પણ એકવાર એ લોકો અહીં આવે, પછી તેઓ ક્યાં જાય છે, એ જોવાની જવાબદારી મારી છે.”

સાંજનો સત્સંગ શરૂ કરતાં પહેલાં, ત્યાં હાજર રહેલા બધાને એમણે પૂછ્યું, “તમે બધા તૈયાર છો?” આ પ્રશ્ન, સીક્કીમમાં એમના મુકામ માટે એમની મરજી દર્શાવતો હતો. સાંજનાં ભોજન પછી, તેમણે તેમના બાબુજી સાથેના પારસ્પરિક વાર્તાલાપના પ્રસંગો કહ્યા હતા.

ચોથા દિવસની શરૂઆત સવારના ૭ વાગ્યાના સત્સંગથી થઈ હતી. ટૂંકા સાંસ્કૃતિક કાર્યક્રમ પછી એ દિવસની સાંજે, તાપણું કરીને બેઠેલા અભ્યાસીઓ સાથે તેઓ જોડાયા હતા અને બધાની સાથે જ જમ્યા હતા તથા તેમણે કેટલીક પૌરાણિક વાર્તાઓ પણ કહી હતી.

સીલીગુડી



રૂંગપો



ગંગટોક



શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

મિજબાની ગોઠવવા બદલ તેમણે સીક્કીમના અભ્યાસીઓનો આભાર માન્યો હતો અને ભગવાન રામ તથા કેવટ(નાવિક)ની વાર્તા કહી હતી અને કહ્યું હતું, "હું પ્રાર્થના કરૂં છું કે જેમ તમે આપણા શરીર માટે ખોરાક પૂરો પાડ્યો, તેમ, તમારા આત્માઓ માટે તમને ખોરાક પૂરો પાડવામાં આવે."

૫મી નવેમ્બરે પૂ.માસ્ટર સ્થાનિક બજારમાં ગયા હતા અને તેમણે 'કેન્દ્ર'ની લાઈબ્રેરી માટે કેટલાંક પુસ્તકો પસંદ કર્યા હતાં. પછી તેમણે સ્થાનિક પ્રશિક્ષકના ઘરે સત્સંગ કરાવ્યો હતો અને અભ્યાસીઓ સાથે સમય ગાળ્યો હતો. એ દિવસ સુંદર હતો અને દરેક જણ ખુશ હતા અને એમની દિવ્ય કૃપામાં તરબોળ હતા.

સાંજના સત્સંગ પછી પૂ.માસ્ટરે ભારપૂર્વક કહ્યું હતું કે બધાજ મનુષ્યો એકસરખા છે. મનુષ્યોની વચ્ચે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. આધ્યાત્મિકતામાં કોઈજ ભેદભાવ નથી. આમાં ફક્ત પરમસત્ય જ છે અને પરમસત્ય બધા જીવોનો સાર છે.

૬ઠી નવેમ્બરે, સીક્કીમથી સીલીગુડી પહોંચીને, આશ્રમ સ્થળ પર ધગધગતા તાપમાં તેમણે સત્સંગ કરાવ્યો હતો અને ત્યાં હાજર રહેલા બધાને પ્રસાદ વહેંચ્યો હતો. જમ્યા પછી તેઓ કોલકત્તા જવા રવાના થયા હતા.

## ઓરિસ્સા

૧૫મી નવેમ્બરે, પૂ.માસ્ટરે ખડગપુરથી ભુવનેશ્વરની લગભગ ૩૫૦ કિ.મી.ની મુસાફરી, રોડ માર્ગે કરી હતી. લગભગ ૧૧ વાગે એમનો કાફલો, ઓરિસ્સાના નાના સેન્ટર, ભદ્રકમાં પહોંચ્યો હતો. ત્યાં તેઓ અભ્યાસીઓને મળ્યા હતા અને ભુવનેશ્વર જતાં પહેલાં ભોજન લીધું હતું.

લગભગ ૪.૪૫ વાગે તેઓ ભુવનેશ્વરની હોટલ પર પહોંચ્યા હતા. ત્યાં ભારે વરસાદ હોવા છતાં, અભ્યાસીઓએ તેમનું સ્વાગત કર્યું હતું. ભુવનેશ્વરની આ એમની પહેલી મુલાકાત હતી અને અંગુલ અને કટકની, તેમની પહેલી મુલાકાતનાં લગભગ ૨૨ વર્ષો પછીની, ઓરિસ્સાની આ તેમની બીજી મુલાકાત હતી.

૧૬મી નવેમ્બરે, પૂ.માસ્ટર આશ્રમસ્થળ પર જવા રવાના થયા હતા, (ઓરિસ્સાનો પહેલો આશ્રમ) ત્યાં લગભગ ૩૫૦ અભ્યાસીઓએ એમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. સત્સંગ પછી આપેલા એમના ભાષણમાં એમણે કહ્યું હતું, "શંકા એ આત્માનું વિષ છે. કેટલીક બાબતો એવી છે, જેમાં શંકાને કોઈજ સ્થાન નથી હોતું, જેમ કે ઈશ્વરનું અસ્તિત્વ. બાબુજીએ અભ્યાસીઓ માટે અથવા ભાવિ અભ્યાસીઓ માટે વિસ્તૃત ગોઠવણ કરી છે. જ્યારે તેઓ કહે છે કે પધ્ધતિને ચકાસો, તમારા ભાવિ ગુરુને પારખો અને જ્યારે તમને સંતોષ થાય કે તમે સાચા ગુરુને શોધી લીધા છે, ત્યારે તમારી જાતને તેમની સાથે સ્ટીલના બંધનથી એવી રીતે બાંધી લો કે તમે બેવકૂફી કરીને તેમને છોડીને દૂર જઈ જ ન શકો."

૧૮મી નવેમ્બરે, માસ્ટર ૮.૩૫ વાગે મેડિટેશન હોલમાં આવ્યા હતા. વ્હીસ્પર્સ



ના વોલ્યુમ ૧ અને ૨માં બાબુજીએ આપેલા સંદેશાઓ વિશે બોલતાં એમણે કહ્યું હતું કે આ સંદેશાઓ 'શ્રુતિ'ની શ્રેણીમાં આવે છે. કારણકે કોઈ ત્યાં ગયું નહતું, એ બાબતમાં કોઈએ વિચાર્યું નહતું, એ બાબતમાં કોઈએ લખ્યું નહોતું કે ટાઈપ કર્યું નહતું. સંદેશાઓ આવ્યા હતા, તેને પ્રાપ્ત કરવામાં આવ્યા હતા, અને લખવામાં આવ્યા હતા. તેથી આ બધા સંદેશાઓ પર સૌથી વધારે ધ્યાન આપવું જોઈએ. એમણે એમ પણ કહ્યું હતું કે આપણે યાદ રાખવું જ જોઈએ આત્માની સ્વતંત્રતા જ એકમાત્ર સ્વતંત્રતા છે. એ પહેલાં હતી, અત્યારે હોવી જોઈએ અને ભવિષ્યમાં પણ હોવી જ જોઈએ. આપણે એવી સ્વતંત્રતાને લઈ આવવાની છે કારણકે, કમનસીબે, આત્મા લોહીમાંસના આ શરીરમાં કેદ થઈ ગયો છે.

તેપછી તેમણે સત્સંગ કરાવ્યો હતો અને થોડો સમય અભ્યાસીઓ સાથે ગાળ્યો હતો. તેમણે અભ્યાસીઓએ પૂછેલા પ્રશ્નોના જવાબ આપ્યા હતા. બીજે દિવસે વિમાન માર્ગે તેઓ ચેન્નાઈ જવા રવાના થયા હતા.

## બેંગલોર

૨૮મી નવેમ્બરે, ૮.૩૦ વાગે નાસ્તો કર્યા પછી, પૂ.માસ્ટર ચેન્નાઈથી રવાના થયા હતા અને લગભગ ૧૧.૪૫ વાગે નેત્રામ્પલ્લી આશ્રમ પર પહોંચ્યા હતા. એમણે લગભગ ૮૦૦ અભ્યાસીઓને સત્સંગ કરાવ્યો હતો. પછી ત્યાંથી લગભગ ૧.૩૦ વાગે નીકળીને બેંગ્લોર ખાતેના પરમધામ આશ્રમ પર તેઓ ૪.૩૦ વાગે પહોંચ્યા હતા.

પૂ.માસ્ટરે રવિવાર સવારનો સત્સંગ કરાવ્યો હતો પણ તે પહેલાં એમણે જાહેરાત કરી હતી કે, 'વ્હીસ્પર્સ ફ્રોમ ધ બ્રાઈટર વર્લ્ડ' વોલ્યુમ-૩ની નોંધણી હવે શરૂ થઈ ગઈ છે. એમણે એમ પણ જણાવ્યું હતું કે કુલ ૧૨ વોલ્યુમ આવશે અને દર વર્ષે એક વોલ્યુમ બહાર પાડવામાં આવશે.

૩જી ડીસેમ્બર, ગુરુવારે, પૂ.માસ્ટર કેન્દ્ર જવા નીકળ્યા હતા. સાધના કાર્યક્રમમાં જોડાયેલા લગભગ ૪૦ પ્રતિનિધિઓએ એમનું સ્વાગત કર્યું હતું. સાંજે, તેઓ ગોલ્ફ કાર્ટમાં, કેમ્પસની ફરતે ફર્યા હતા, જેનાથી હાજર રહેલા અભ્યાસીઓ ખુશ થઈ ગયા હતા.

૪થીએ પૂ.માસ્ટર સાધના કાર્યક્રમના પ્રાથમિક સત્રમાં હાજર રહ્યા હતા અને દરેક ભાગ લેનારાઓને સર્ટિફિકેટ આપ્યાં હતાં.

સીલીગુડી





ભુવનેશ્વર






બેંગલોર



તિપતુર

કેટલાક ભાગ લેનારા કે જેઓ આ કાર્યક્રમનો હિસ્સો હોવાથી અને તેમની હાજરી હોવાથી ખુશી વ્યક્ત કરતા હતા તેઓને તેમણે શાન્તિથી સાંભળ્યા. તેમના વક્તવ્યમાં તેમણે કહ્યું, "આથી તમને ખ્યાલ આવશે કે સિધ્ધાંતો અને અભ્યાસ દાદર ચઢવાના પગથિયાની માફક એક પછી એક આવે છે અને મને ખુશી છે કે 'ક્રેસ્ટ' ખાતે સૂચનાઓ અને શિક્ષણ છે અને જેઓ સ્વીકારવા રાજી છે, તેઓને તાલીમ આપવાની સગવડ છે. પણ માત્ર સ્વીકાર જ પૂરતો નથી. અહીં જે શીખવવામાં આવે છે, તેનો અમલ કરવા શું તેઓ તૈયાર છે?"

શુક્રવાર, ૫મી ડીસેમ્બરે માસ્ટરે પ્રશિક્ષકોને દિલથી કામ કરવા પ્રેરિત કરતો એક અસરકારક સંદેશ આપીને 'કર્ણાટક પ્રશિક્ષક સેમીનાર'નું ઉદઘાટન કર્યું. વિદેશથી આવેલા મુલાકાતી પ્રશિક્ષકો સહિત કુલ ૧૪૫ પ્રશિક્ષકો હાજર હતાં.



ખુમકુર

## તિપતુર

પૂ.માસ્ટર ૬ઠી ડીસેમ્બરે રવિવારે સવારે ૮ વાગે 'ક્રેસ્ટ'થી તિપતુર જવા રવાના થયાં. ૯૦ અભ્યાસીઓ ધરાવતું તિપતુર, બેંગલોરથી ઉત્તર– પશ્ચિમે આશરે ૧૬૦ કી.મી.ના અંતરે આવેલું છે. માસ્ટરની આ તિપતુરની ત્રીજી અને ધ્યાન હોલ તથા અન્ય બાંધકામ પૂર્ણ થયા પછીની પ્રથમ મુલાકાત હતી. આગમન સાથે જ તેમણે જાહેર કર્યું કે સાંજે ૫ વાગે તથા રાત્રે ૯ વાગે સત્સંગ થશે અને તે બન્નેનું સંચાલન તેમણે ખુદ કર્યું. તેમની હાજરીમાં, આસપાસનાં કેન્દ્રોના તથા બેંગલોરથી આવેલાં લગભગ ૧૦૦૦ અભ્યાસીઓ એકત્રિત થયાં હતાં.

બીજા દિવસે માસ્ટરે ધ્યાનની આખરી બેઠકનું સંચાલન કર્યું. અને તુમકુર જતાં પહેલાં થોડી વાર આરામ કર્યો. તુમકુરના અભ્યાસીઓ માસ્ટરની ખૂબજ અપેક્ષાપૂર્વક રાહ જોતાં હતાં. માસ્ટર તેમનાં રોકાણ દરમિયાન ખૂબજ ખુશમિજાજમાં હતાં અને તેમણે બાબુજી તથા મહાભારતના પ્રસંગો ઉપર લંબાણપૂર્વક વાતો કરી. તેમણે કહ્યું, "આપણે અંધકારને ત્યારે જ જોઈ શકીએ કે જ્યારે આપણે અંધકારમાં હોઈએ. તેમાંથી બહાર કેવી રીતે આવવું? બહાર આવીને."

બપોરના ભોજન પછી માસ્ટર તુમકુર છોડી સાંજે લગભગ ૪.૩૦ વાગે બેંગલોર પહોંચ્યાં. કોફી પીને તરતજ સત્સંગના સંચાલન માટે સીધા 'પાવન ધામ' ગયા. આખો દિવસ પ્રવૃત્તિમય હોવાં છતાં, મોડી રાત સુધી તેમણે કામ કર્યું. બેંગલોર ખાતેનું રોકાણ એક દિવસ લંબાવવાનો નિર્ણય કરીને પછી તેમણે આરામ કર્યો.



તિરુપુર

## તિરુપુર

૯મીની સવારે માસ્ટરે બેંગલોર છોડ્યું અને ૭.૩૦ વાગે કૃષ્ણાગીરી પહોંચ્યાં. નાસ્તા પછી સવારે ૯ વાગે સત્સંગનું સંચાલન કર્યું. બપોરના ભોજન માટે તેઓ ઈરોડ ખાતે રોકાયા તથા થોડા આરામ બાદ ડાયમંડ જ્યુબીલી પાર્ક, તિરુપુર ખાતે આવી પહોંચ્યાં. આવતાની સાથે ઉતાવળે કોફી પતાવીને તેમણે ટીપ્પણી કરી, "બાબુજી કહે છે હવે તમે તમારી કોફી પી લીધી છે, હવે તમે તમારું કામ શરૂ કરી શકો છો." પછીથી તેમણે મેડિટેશન હોલ તરફ પ્રયાણ કર્યું અને સાંજે ૬.૧૫ વાગે સત્સંગનું સંચાલન કર્યું. માસ્ટરે જાહેર કર્યું કે હવે પછીના ત્રણ દિવસો સુધી દરરોજ સવારે ૬.૩૦ વાગે, બપોરે ૧૧.૦ વાગે તથા સાંજે ૫.૩૦ વાગે સત્સંગ થશે.

કેરાલા, તામિલનાડુ તથા ગુજરાતથી આવેલા પ્રશિક્ષકો સહિત આશરે ૪૦૦૦ અભ્યાસીઓ હતાં. ભંડારા જેવું વાતાવરણ હતું અને બધીજ સગવડો પર્યાપ્ત હતી. માસ્ટરે ખુદ ધ્યાન હોલમાં ત્રણેય સત્સંગોનું સંચાલન કર્યું.

શ્રી રામચંદ્ર મિશન®
એક્રોઝ ઈન્ડીયા ન્યુઝલેટર





માલમપુઝા



કોઈમ્બતુર

૧૧મીએ માસ્ટરે સવારના ૬.૩૦ વાગે અને બપોરે ૧૧.૦ વાગે મેડિટેશન હોલ ખાતે સત્સંગનું સંચાલન કર્યુ. સાંજે તેમણે શહેરમાં રહેતા એક અભ્યાસીના ઘરની મુલાકાત લીધી તથા સાંજના ૫.૩૦ના સત્સંગના સંચાલન માટે સમયસર પાછા આવી ગયાં.

૧૨મીએ માસ્ટરે ત્રણેય સત્સંગોનું મેડિટેશન હોલમાં સંચાલન કર્યું. ૧૩મીએ સવારનાં ૬.૩૦ના સત્સંગનું સંચાલન કર્યા બાદ તેઓ કોઈમ્બતુર આશ્રમ જવા રવાના થયા અને ત્યાં ૧૧ વાગે પહોંચી ગયા. માસ્ટરે આરામ કર્યો અને પછી બહાર બધાં અભ્યાસીઓ સાથે થોડી વાર બેઠાં. પછી માલમપુઝા જવા નીકળ્યા.

૧૪મીએ માલમપુઝા ખાતે થોડો સમય શાંતિથી વિતાવી બપોરના ભોજન બાદ કોઈમ્બતુર જવા રવાના થયા અને સાંજે ૩.૦ વાગે એક અભ્યાસીને ઘરે આવ્યાં. રાત્રી ભોજન પહેલાં અને પછી તેઓ બહાર બેઠાં અને બધા હાજર અભ્યાસીઓને તેમની સાથે સારો સમય વિતાવવા મળ્યો.

૧૫મીએ રાત્રી ભોજન પહેલાં તેઓ તેમનાં કક્ષમાં બેઠા અને અનૌપચારિકતાથી હિન્દુ તત્વગ્નાનના સ્તંભો– વેદો, બ્રહ્મસુત્રો, ગીતા, યુગો અને સમયની વિભાવના સહિત વિવિધ વિષયો ઉપર વાતો કરી. તેમણે પોતાનાં માનીતા વિષય વિગ્નાનના કલ્પિત સાહિત્યનો પણ સંક્ષેપમાં ઉલ્લેખ કર્યો તથા આઈનસ્ટાઈના પ્રયોગો અને આઈઝેક એસીમોવની "ફાઉન્ડેશન" શ્રેણી વિષે પણ વાતચીત કરી. આ બેઠકની કેટલીક ખાસ વિશિષ્ઠ ઝલક હતી:

માસ્ટરે કહ્યું કે વિચારોને તેમની ખુદની શક્તિ હોતી નથી પણ તેઓ શક્તિના ઉગમસ્થાનને સક્રિય કરી શકે છે અને તેમણે પ્રાર્થનાસભર આહવાન દ્વારાશક્તિનો ઉપયોગ તથા પોતાની શક્તિના ઉપયોગનો તફાવત સમજાવ્યો. દાખલા તરીકે સૂર્યપ્રકાશને પ્રુથ્વી સુધી પહોંચતા ૮ મિનિટ લાગે છે. આ માત્ર પ્રકાશને મુસાફરી કરતા સમય લાગતો હોવાથી, આપણે આપણી આંખોથી જે જોઈએ છીએ તે હંમેશા ભૂતકાળ છે અને તે ક્યારેય વર્તમાન હોતું નથી.

આ સુંદર બેઠક હતી જેમાં કક્ષમાં બેઠેલી દરેક વ્યક્તિ ચેતનાના અલગ સ્તરે હતી. ૧૬મીએ માસ્ટર સાંજે ૪.૩૦ વાગે ચેન્નાઈ જવા રવાના થયા.

## ચેન્નાઈ

ચેન્નાઈ પાછા આવ્યા પછી માસ્ટર વિવિધ વહીવટી કામોમાં ખૂબજ વ્યસ્ત થઈ ગયાં. દુનિયાના અલગ અલગ ભાગોમાંથી આવેલા લગભગ ૨૦૦ જેટલા અભ્યાસીઓ મણપાક્કમમાં નાતાલની રજાઓ ગાળવા ભીડ જમાવી રહ્યાં હતાં.

૨૪મી ડીસેમ્બરની સાંજે તેમણે નાતાલ કેક કાપી. અભ્યાસીઓએ નાતાલનું પ્રાર્થનાગીત ગાયું અને કોઈકે ટીપ્પણી કરી, "માસ્ટર સાથે હોઈએ ત્યારે ખુદ ઈસુ ખ્રિસ્ત સાથે હોઈએ તેવું લાગે છે." આ ટીપ્પણી ઉપર તેમણે પ્રેમભર્યું સ્મિત કર્યું. આશ્રમ ઉપર ઉતરી આવેલું આ ઉત્સવનું વાતાવરણ હતું.

૩૧મી ડીસેમ્બરે માસ્ટરે કેટલોક સમય બે મહીનાથી ભારત આવેલા છાત્રો સાથે ગાળ્યો.બે અઠવાડીયા ખડગપુર ખાતે ગાળ્યા પછી તેઓ તેમના તાલિમ કાર્યક્રમના બીજા ચરણમાં ચેન્નાઈ આવ્યા છે.

નવા વર્ષના આગમનની ઘોષણા કરતા, ૧લી જાન્યુઆરીની સવારે માસ્ટરે સત્સંગનું સંચાલન કર્યુ.. સત્સંગ પછી ભાઈશ્રી કમલેશ પટેલે માસ્ટરે તાજેતરમાં આપેલાં પ્રવચનોની ડીવીડીનું વિમોચન કર્યું.

નવા વર્ષના માટેના ભાષણમાં તેમણે કહ્યું, "પ્રિય બહેનો તથા ભાઈઓ, આપણે દિલના પોકાર તરફ વધારે ધ્યાન આપવું જ જોઈએ– અંદરથી આવેલા અવાજનો પોકાર. આપણે ઈશ્વરે આપેલી પાંચ ગ્નાનેન્દ્રીયોને બહારથી અંદરની તરફ વાળવી પડશે. આ પરિવર્તન વિના આધ્યાત્મિકતા ફક્ત એક વિષય બની રહેશે, જેના વિષે આપણે બોલીએ છીએ, ચર્ચા કરીએ છીએ અને તાલિમ લઈએ છીએ પણ તેના તરફ કોઈ ધ્યાન આપતા નથી. આથી, આપણે જ્યાં છીએ ત્યાં જ રહીએ છીએ."

૪થી અને ૮મી જાન્યુઆરીએ માસ્ટરે કેટલાક લગ્નો સંપન્ન કર્યાં. તેઓ ૧૫મી જાન્યુઆરીએ દિલ્હી થઈ સતખોલ જઈ રહ્યાં છે.


નાતાલ



સ્કોલર –વિદ્વાનો સાથે



ચેન્નાઈમાં નવું વર્ષ



શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

## લવાજમના નવા દર

### વાર્ષિક લવાજમ

- મહેરબાની કરીને તમામ વાર્ષિક લવાજમો સ્પીરીચ્યુઅલ હાયરાકી પબ્લીકેશન ટ્રસ્ટ ના નામે લખીને તેને નીચેના સરનામે મોકલી આપવા.–એડમીન બીલ્ડીંગ,બીએમ એ,એસ આર સી એમ,મણાપક્કમ,ચેન્નાઈ ૬૦૦ ૧૧૬.
- વાર્ષિક લવાજમો એપ્રિલ અંકથી ચાલુ થશે અને આવતા જાન્યુઆરીમાં પૂરું થશે– નાણાંકીય વર્ષ મુજબ.

### મેગેઝીન

| | |
|---|---|
| કોન્સ્ટન્ટ રીમેમ્બરન્સ | રૂપિય ૩૦૦.૦૦ |
| ત્રિમાસિક મેગેઝીન | |
| હિન્દી, તમિલ, તેલુગુ, કન્નડા, ગુજરાતી, મલયાલમ, બંગાળી | રૂપિયા ૧૦૦.૦૦ |

### આજીવન લવાજમ

લવાજમ સાથે મહેરબાની કરીને સભ્યપદનું ફોર્મ અને SHPT ડોનેશન ફોર્મ(લવાજમ સાથે) મોકલી આપવુ. સરનામું છે–મેનેજીંગ ટ્રસ્ટી, સ્પીરીચ્યુઅલ હાયરાકી પબ્લીકેશન ટ્રસ્ટ, 'ડીવાઈન બ્લીસ', નોર્થ બ્લોક 7/A, ૨/૩, જજીસ કોર્ટ રોડ, કોલકાતા ૭૦૦ ૦૨૭ (વેસ્ટ બેંગાલ) ભારત.


### આજીવન કોર્પસ લવાજમ: પુસ્તકો/ઓડીયા–વિડીયો

| | |
|---|---|
| અંગ્રેજી | રૂ. ૬,૦૦૦ |
| હિન્દી | રૂ. ૪,૫૦૦ |
| મરાઠી/તમિલ/તેલુગુ/કન્નડા/ગુજરાતી/મલયાલમ | રૂ. ૩૦૦૦.૦૦ |
| ઓડીયો–વિડીયો | રૂ.૨૫,૦૦૦ |

### આજીવન કોર્પસ મેગેઝીનનું લવાજમ

| | |
|---|---|
| કોન્સ્ટન્ટ રિમેમ્બ્રન્સ, અંગ્રેજી | રૂ. ૬,૦૦૦ |
| સહજ માર્ગ –હિન્દી | રૂ. ૪,૫૦૦ |
| ત્રિમાસિક મેગેઝીન | |
| ખમિલ/તેલુગુ/કન્નડા/ગુજરાતી/મલયાલમ | રૂ. ૧,૫૦૦ |


## નવીન પ્રકાશનો





કોન્સ્ટન્ટ રિમેમ્બરન્સ
જાન્યુઆરી ૨૦૧૦




સથ્યોથાયમ
(પુન:પ્રકાશન) તમિલ





રિવીલીંગ ધ પર્સનાલીટી




હીયર એન્ડ નાઉ
(ડીવીડી નો સેટ)

## ભૂતકાળમાં ડોકિયું

આ નવા વિભાગ દ્વારા તમને પૂજ્ય લાલાજીના સમયથી આપણા મિશનના સાહિત્ય અને મેગેઝીનોમાં નોંધાયેલી ઘટના તેમજ આપણા ગુરૂજીઓના કથનની ઝાંખી મળશે.આ અંકમાં અમે આજથી ૬૦ વર્ષ પહેલાનો એટલે કે સન.૧૯૫૦ પહેલાનો સમય પસંદ કર્યો છે.અમે આશા રાખીએ છીએ કે આ વિભાગ વાંચવાનું તમને પસંદ પડશે.



લાલાજી તેમના ઘણા બધા સાથીઓને મળવા વિવિધ જગ્યાએ જવા માટે ખૂબ મુસાફરી કરતા. અભ્યાસીઓને તેમણે લખેલાં પત્રોમાં વૃંદાવન,ઈતાહ,કાનપુર,મૈનપુરી અને ઉરાઈ જેવી જગ્યાઓનો ઉલ્લેખ થયો છે.તેમના વિવિધ પત્રો/કથનોના કેટલાક મોતી નીચે આપ્યાં છે.

### ડીસેમ્બર ૧૯૨૯:

લાલાજીનો બાબુજી પરનો પત્ર: "સહન કરવું સારુ છે. ઘર એ શાળા છે, જ્યાં સહનશીલતા શીખવા મળેછે. એક વિચાર પ્રમાણે, ધીરજને તપશ્ચર્યા સાથે સરખાવવામાં આવી છે અને બીજાં બધાં પ્રકારના તપ કરતાં તેને ચડિયાતી ગણવામાં આવી છે." ખેથી દુખી થઈને પસ્તાવો કરવા કરતાં, માનવીએ પોતાની ભૂલ હોય કે ન હોય, પોતાની ભૂલ જ સમજવી જોઈએ.

### એપ્રિલ ૧૯૩૦:

લાલાજી મહારાજનો બીજો પત્ર: "મોટા ભાગના લોકો કર્મકાંડી રીતે, વિધિપૂર્વક પૂજા કર્યા કરતા હોય છે. તેમનામાં સાચી તડપ, ઉત્કંઠા અને બેચેની નથી હોતી, નહીં તો તેમણે ચોકકસ તે હાલતનો અનુભવ કર્યો હોત અને તેમનામાં રોજેરોજ નવજીવન પૂરાવા લાગ્યું હોત."

–ઓટોબાયોગ્રાફી ઓફ રામચંદ્ર વોલ્યુમ ૧ (૧૯૯૯–૧૯૩૨)/કમ્પ્લીટ વર્કસ ઓફ રામચંદ્ર વોલ્યુમ ૩ માંથી.



શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર

# આશ્રમના સમાચાર

## લખનૌ આશ્રમ-મેડીટેશન હોલ:

લખનૌના આઈઆઈએમ રોડખાતે બાબુજી મેમોરિયલ આશ્રમનુ બાંધકામ ચાલુ થઈ ગયું છે. નિયુક્ત કરેલો મેડિટેશન હોલ ૩૦૬ ક્ષ ૪૮૬ છે અને તેમાં ૩૦૦૦ અભ્યાસીઓ બેસી શકશે.આ હોલ સ્ટીલના માળખાનો ઉપયોગ કરીને બાંધવામાં આવશે.

તેની સ્થાપના ૧૧ નવેમ્બર ૨૦૦૯ ના રોજ મિશનના સેક્રેટરી ભાઈ ઉમાશંકરજી દ્વારા થઈ હતી અને તેનું બાંધકામનું કાર્ય માર્ચ ૨૦૧૦ સુધીમાં પૂરૂં થઈ જવાની સંભાવના છે.

## વારાણસી

સારનાથ વારાણસી ખાતે ૨જી નવેમ્બર ૨૦૦૯ ના રોજ ભાઈ ઉમાશંકરજી દ્વારા લય યોગા આશ્રમ પર મેડીટેશન હોલનું બાંધકામ ચાલુ કરવામાં આવ્યું હતું. ૧૬ ફેબ્રુઆરી ૨૦૦૬ ના રોજ પૂજ્ય માસ્ટરે તેનુ શિલારોપણ કર્યું હતું.

મેડીટેશન હોલ આઠ ખૂણા ધરાવે છે અને તેનો વિસ્તાર લગભગ ૮૦૦૦ ચો,ફૂટ છે.થાંભલાઓની સ્થાપના કરવા માટેનું ખોદકામ એક દિવસમાં થઈ ગયું હતું અને આઠ થાંભલાઓના પાયાનું કામ પૂરું થયું હતું.

## ચિરાકકારા, કોલામ, કોલકાતા

પૂજ્ય.માસ્ટરે તેમની વર્તમાન મુલાકાત દરમિયાન કોલામના ચિરાક્કારા આશ્રમનુ નામ 'તપોવન'આપ્યું હતું.આ આશ્રમનું કામકાજ ફેબ્રુઆરી ૨૦૦૮ થી શરૂ કરવામાં આવ્યું હતું. કોલામના જુદા જુદા વિસ્તારોમાંથી,તેમજ આજુબાજુના પાડોશી વિસ્તારો જેવા કે, થિરુવનન્થપુરમ,પાથાનમથીતા અને આલાપુઝાથી અભ્યાસીઓ આ આશ્રમ પર ભેગા થાય છે.'તપોવન' આશ્રમ કોલામની દક્ષિણે ૨૫ કિ.મી.દૂર ક્ષ્લ-૪૭ ઉપર આવેલો છે અને થિરુવનન્થપુરમથી તે ૪૫ કિ.મી ઉત્તરે આવેલો છે.

આજુબાજુનું વાતાવરણ ખૂબ સૌમ્ય છે, ત્યાં પુષ્કળ પ્રમાણમાં નારિયેળના તેમજ બીજાં ઝાડ છે અને ચારેકોર ડાંગરનાં ખેતરો આવેલાં છે. આશ્રમના મુખ્ય દ્વાર સામેથી એક સુંદર ઝરણું વહે છે, જેનું પાણી સ્ફટિક જેવું ચોખ્ખું છે. અહીં પ્રાદેશિક કાર્યક્રમો માટે લગભગ ૧૫૦ જેટલાં અભ્યાસીઓ ભેગા થાય છે. દરેક મહિનાનો પ્રથમ રવિવારે આખા દિવસનો કાર્યક્રમ હોય છે. બાળવિભાગ દ્વારા વીબીએસઈ ના કાર્યક્રમો પણ યોજાય છે. આ 'તપોવન'માં આવવા માટે બધાં જ અભ્યાસીઓનું સ્વાગત છે.

## પ્રાદેશિક (ઝોનલ) આશ્રમ,ગોરખપુર

૨જી ડીસેમ્બર,૨૦૦૯ ના રોજ ભાઈ ઉમાશંકરજીએ આશ્રમની જમીન ખાતે શિલારોપણ કર્યું હતું. આ પ્રસંગે ગોરખપુર તથા આસપાસના લગભગ ૧૫૦ અભ્યાસીઓ એકઠાં થયા હતાં. આવતા વર્ષની વસંત સુધીમાં મેડિટેશન હોલ તૈયાર થઈ જશે તેવી આશા છે. સગુન ફ્લોરેસ્ટ્ની લીલીછમ ઝાડીમાં આવેલું આશ્રમનું આ સુંદર સ્થળ છે.

આ પ્રસંગે ભાઈ ઉમાશંકરજીએ કહ્યું કે, આશ્રમો પ્રકાશના કેન્દ્રો હોય છે જ્યાં દરેક વ્યક્તિને પૂજ્ય.માસ્ટરની ઉપસ્થિતિનો અનુભવ થાય છે. આ હેતુ માટે સ્વૈચ્છિક રીતે આગળ આવવા તેમણે અભ્યાસીઓને અપીલ કરી. તેમણે માસ્ટરનું પ્રખ્યાત કથન કહ્યું, સેવા કરો અને સેવા પામો.

લખનૌ



વારાણસી



ચિરાકકારા



## યુવા કર્યક્રમ-હુબલી,ઉત્તર કર્ણાટક

૨૫-૧૦-૨૦૦૯ના રોજ હુબલી કેન્દ્રમાં યુવા ઉત્સાહવર્ધક કાર્યક્રમ યોજાયો હતો, જેમાં ઓડિયો-વિડિયો વિભાગ રાખવામાં આવ્યો હતો. આપણાં લગભગ પંદરેક જેટલા યુવાન અભ્યાસીઓ તેમની સાથે તેમનાં પચીસ જેટલાં મિત્રોને લાવ્યા હતા.

આ કાર્યક્રમ એ હેતુથી યોજવામાં આવ્યો હતો કે યુવાનોને નીચેના વિષયો પર વિસ્તારપૂર્વક સમજ મળે. વિષયો હતા-'નેતત્ત્વ, સાંભળવાની કળા,વ્યક્તિત્વ વિકાસ, ચારિત્ર્ય ઘડતર, સંબંધો, આદર્શ વ્યક્તિ-રોલ મોડલ,સંદેશ વ્યવહાર, મહત્વકાંક્ષા કે ઉત્કંઠા અને ધ્યાન દ્વારા મનનું નિયમન.



પૂજ્ય માસ્ટરનાં વકતવ્યોની જ્યાં જરૂર હોય, ત્યાં તે સંભળાવવામાં આવતા હતા. કાર્યક્રમને અંતે યુવાનોમાં જવાબદારીની એક ભાવના જાગ્રત થયેલી જણાઈ-તેમના મા-બાપ પ્રત્યે,સમાજ પ્રત્યે અને સૌથી વધુ તેમની જાત પ્રત્યે. ભવિષ્યના પડકારો ઝીલવા, યુવાનો વધુ સારી રીતે તૈયાર થશે તેવું લાગતું હતું.

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર



## પ્રશિક્ષકોની તાલીમ

તાજેતરમાં થયેલા મોટાભાગના પ્રશિક્ષક તાલીમી કાર્યક્રમોને પૂ.માસ્ટરની શારીરિક ઉપસ્થિતિની કૃપા મળી હતી તેમજ તેમના વકતવ્યો અને સત્સંગથી તેમાં પ્રાણ પૂરાયો હતો. ભાગ લેનારાઓને માટે તે એક પ્રેરણાદાયક અને નવજીવન મળવા જેવો અનુભવ હતો.

### ગુજરાત



ગુજરાતથી ૭૦ પ્રશિક્ષકો તિરૂપુર આવ્યા અને પૂ.માસ્ટર સાથે ૧૦થી ૧૪ ડિસેમ્બર દરમિયાન તિરૂપુર, કોઈમ્બતુર અને માલમપુઝા રિટ્રિટ સેન્ટરમાં રહ્યા. પૂ.માસ્ટરે ત્યાં હાજર સૌ કોઈને દિવસની ત્રણ સીટીંગ આપી. માસ્ટરે સારા અભ્યાસી બનવા નીચેના મુદ્દાઓ કહ્યા:

- ધ્યાન અંદર તરફ વાળવું.
- બીજી વ્યક્તિને સમજવા માટે તેને ધ્યાનપૂર્વક સાંભળવી.
- બીજાંઓ પાસેથી શીખવાનું વલણ રાખવું, તેમને નીચા ઉતારી પાડવાનું નહીં.
- દરેક કાર્યમાં ધીરજ રાખવી.

### કર્ણાટકા

'ક્રેસ્ટ', બેંગલોર ખાતે ૫મી ડિસેમ્બરે ૧૪૦ પ્રશિક્ષકોને સંબોધતા પૂ.માસ્ટરે જે મુદ્દાઓ જણાવ્યાં, તે હતાં: સહજ માર્ગ પદ્ધતિ આચરવામાં કર્ણાટકામાં ઊણપ, ભક્તિની કમી અને તેમણે કહ્યું કે પ્રશિક્ષકોને મિશનની ધમનીની જેમ કાર્ય કરવાની અને નવાં સેન્ટરોમાં જવાની જરૂર છે.



### આંધ્ર પ્રદેશ

બાબુજી મેમોરિયલ આશ્રમ, ચેન્નાઈમાં ૨૫થી ૨૭મી ડિસેમ્બર સુધી આંધ્ર પ્રદેશના પ્રશિક્ષકો માટે બે દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યમાં રાજકીય તંગદીલીને કારણે થયેલી વાહનવ્યવહારની સમસ્યા હોવા છતાં, ૧૮૦થી વધુ પ્રશિક્ષકોએ ભાગ લીધો હતો.

નીચેના વિષયો પર વકતવ્યો યોજાયાં હતાં –પ્રશિક્ષકનું કાર્ય, ચારિત્ર્ય, વ્હિસ્પર્સ અને સહજ માર્ગ જીવનની રીત. તે પછી પારસ્પરિક વાતચીત અને પ્રતિભાવો જણાવાયાં હતાં. રવિવારે સવારે ૧૧ વાગે, પ્રશિક્ષકોના આનંદ વચ્ચે, પૂ.માસ્ટર પ્રશિક્ષકો સાથે એક કલાકથી પણ વધારે સમય બેઠા અને તેમને વકતવ્ય આપ્યું, તેમજ તેમને ધ્યાનની બેઠક આપી.

### મહારાષ્ટ્ર



મહારાષ્ટ્રના પચાસ પ્રશિક્ષકોએ ૧૩થી ૧૫ નવેમ્બર દરમિયાન પૂના સેન્ટરમાં યોજાયેલી બે દિવસની સભામાં ભાગ લીધો, જેમાં પ્રશિક્ષક માટે પ્રથમ અગ્રીમ સ્થાને અભ્યાસી હોવો જોઈએ, નિયમિત સાધનાનું મહત્ત્વ, અભ્યાસીઓને ધ્યાનની બેઠક આપવી, મિશનની પ્રવૃત્તિઓ અને પ્રકાશન, વગેરે વિષયો આવરી લેવામાં આવ્યાં હતાં. નવા બનાવાયેલા પ્રશિક્ષકોને પ્રેરણા મળી હતી અને નિષ્ઠાપૂર્વક કામ કરવાના પૂરા ઉત્સાહભેર સૌ પાછાં ગયાં હતાં.

## મુંબઈ, મહારાષ્ટ્રમાં ઓપન હાઉસ

મુંબઈના અનુશક્તિનગરના રહેવાસીઓ માટે રવિવાર, ૮મી નવેમ્બર ૨૦૦૯ના રોજ હોમીભાભા સેન્ટર ફોર સાયન્સ એજ્યુકેશન ખાતે એસઆરસીએમ દ્વારા એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. લગભગ ૧૨૦ લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં બહેન ધારેશ્વરે એસઆરસીએમ તથા સહજ માર્ગ પદ્ધતિ હેઠળ ધ્યાન કરવા વિશેની વિગત આપી હતી. સાંજનો વિષય હતો 'પ્રાકૃતિક માર્ગ' ના આત્મ–સંશોધનનું વિજ્ઞાન.

એસઆરસીએમના જોઈન્ટ સેક્રેટરી ભાઈ એ.પી.દુરાઈજીએ આપણાં જીવનના ભૌતિક અને આધ્યાત્મિક પાસાંઓના સંતુલન માટે ધ્યાનની જરૂરિયાત પર વિસ્તારપૂર્વક જણાવ્યું હતું.

પછી ભાઈ ભાટિયાએ તેઓ સહજ માર્ગમાં કેવી રીતે આવ્યા અને તેથી તેમના જીવનમાં શું ફેરફારો આવ્યાં, તે જણાવ્યું. આ પછી પ્રશ્નોત્તરીનું ટૂંકું સત્ર રાખવામાં આવ્યું હતું. કેટલાંક શ્રોતાઓને જાણવું હતું કે શું સહજ માર્ગ તેમની પોતાની અંગત મુશ્કેલીઓ, સ્વાસ્થ્યને લગતી મુશ્કેલીઓ, વગેરેનું નિરાકરણ લાવી શકે.

અંતમાં, પૂ.માસ્ટરનું 'તત્કાળ મુક્તિ' પરના વકતવ્યની વિડિયો મૂકવામાં આવી હતી. આની શ્રોતાઓ ઉપર દેખીતી અસર થઈ. પ્રાથમિક ધ્યાનની બેઠકો લીધા બાદ, ૨૨ ભાગ લેનારાઓએ ધ્યાનની પદ્ધતિ શરૂ કરી.

શ્રી રામચંદ્ર મિશન®
એકોઝ ઈન્ડીયા ન્યુઝલેટર


Jaipur


Bhopal


Indore

## અભ્યાસી ટ્રેનીંગ પ્રોગ્રામ

જયપુર સેન્ટરે ૨૨મી નવેમ્બર ૨૦૦૯ના રોજ અડધા દિવસનો નવા અભ્યાસી માટે તાલીમનો કાર્યક્રમ યોજ્યો હતો. સાધનાને લગતા વિવિધ વિષયો પર વક્તવ્યો અને પ્રશ્નોત્તરીના સત્રો હતાં. લગભગ ૩૦ નવા અભ્યાસીઓ, જેઓ આમાં જોડાયા હતા, તેમ્ના મુજબ કાર્યક્રમ ખૂબ ઉપયોગી હતો અને તેમણે જણાવ્યું કે નવા આંગંતુકે આવા કાર્યક્રમોમાં ભાગ લેવો જોઈએ કે જેથી મિશન અને તેની વિવિધ પ્રવૃત્તિઓ વિશે જાણી શકાય.

ભોપાલ આશ્રમમાં ૨૭મીથી ૨૯મી નવેમ્બર સુધી, રહેવાની વ્યવસ્થા સાથે, અભ્યાસી તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આશ્રમના શાંત વાતાવરણમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ૫૦ અભ્યાસીઓએ ભાગ લીધો હતો. વક્તાઓ દ્વારા રજૂ કરાયેલા પ્રેઝન્ટેશનો અને પ્રશ્નોત્તરીના સત્રથી ભાગ લેનારાના મનમાંથી ઘણી બધી શંકાઓ દૂર થઈ હતી. એવું લાગતું હતું કે વાતાવરણમાં ભાઈચારો પ્રવર્તી રહ્યો હતો અને ભાગ લેનારાઓ તેમની સાધનામાં નિયમિત રહેવાના દ્રઢ મક્કમ સાથે પાછા ગયા હતા.

રાંચી સેન્ટરમાં ૨૯મી નવેમ્બરે સૌ પ્રથમ એટીપી કાર્યક્રમ યોજ્યો જે છેલ્લા એક વર્ષથી અભ્યાસ કરનારા સૌ કોઈ અભ્યાસીઓ માટે હતો. મુખ્ય સંચાલન ભાઈ તિવારીએ કર્યું હતું, જ્યારે ભાઈ લાલ, ભાઈ તનેજા, ભાઈ સાહૂ, ભાઈ મિશ્રા અને બહેન તિવારીએ તાલીમ કાર્યક્રમના જુદા જુદા અંગો, એસએમઆરટીઆઈએ તૈયાર કરેલાં વિડિયો વગેરેની સહાયથી આવરી લીધાં હતાં. બધાં જ ભાગ લેનારાઓને પૂ.માસ્ટરના ઓડિયો/વિડિયો ખૂબ પસંદ આવ્યા હતા કારણ કે તેનાથી તેમને મિશન અને સાધનાના જુદા જુદા પાસાંઓ સ્પષ્ટપણે સમજાયાં હતાં.

મધ્યપ્રદેશના ઈન્દોર સેન્ટરે અનુભવોની આપ-લેનો કાર્યક્રમ ૬ઠ્ઠી ડિસેમ્બરના રોજ રાખ્યો હતો. જે અભ્યાસીઓ પૂ.માસ્ટર સાથે તાજેતરમાં પ્રવાસે ગયા હતા અને જેમણે વિવિધ તાલીમ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો, તેમણે પોતાના અનુભવો અન્ય ભાગ લેનારાઓને જણાવ્યાં હતાં. ભાઈ આપ્ટે, કે જેમણે 'કેસ્ટ', બેંગલોરમાં તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો હતો, તેમણે તે વિશે વિગતવાર માહિતી આપી હતી અને તેનાથી ભાગ લેનારાઓને ઘણી પ્રેરણા મળી હતી. ભાઈ મુંદ્રા પૂ.માસ્ટર સાથે ગંગટોકના પ્રવાસે ગયા હતા, તેમણે તે પ્રસંગનાં ફોટા બતાવ્યા હતા. તેમણે પૂ.માસ્ટરના આ વિવિધ સ્થળોની મુલાકાત લેવાના ઉત્સાહ અને તાત્પર્ય વિશે કહ્યું હતું. તેમણે તે યાદગાર ક્ષણો વિશે જણાવ્યું કે જે દેખીતી રીતે વિનોદી લાગતી હતી પરંતુ ખરેખર તે ઘણાં અર્થપૂર્ણ સૂચનો હતાં. ભાઈ રેવતકરને ખડગપુરના 'કેસ્ટ' ખાતે પૂ.માસ્ટર સાથે રહેવાની તક મળી હતી, તેમણે માસ્ટરના વક્તવ્યોનાં કેટલાંક અગત્યનાં મુદ્દાઓ જણાવ્યાં હતાં. એવું લાગ્યું કે અભ્યાસીઓ આ વિવિધપૂર્ણ અનુભવો સાંભળીને આંતરિક આનંદથી ભરાઈ ગયાં હતાં.

૧૫મી નવેમ્બરે લગભગ ૨૧ અભ્યાસીઓએ ભૂજ, ગુજરાત ખાતે યોજાયેલા તાલીમ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. મિશન છોડીને ગયેલાં કેટલાંકે પણ આમાં ભાગ લીધો હતો. કાર્યક્રમમાં સાધનાને લગતા વિવિધ વિષયો પર વક્તવ્યો હતાં. અભ્યાસીઓએ સત્સંગની મહત્ત્વતા દર્શાવતી નારદ પરની નાની નાટિકા રજૂ કરી હતી. આ કાર્યક્રમથી ભાગ લેનારાઓના મનમાંથી શંકાઓ દૂર થઈ હતી અને તે સૌ ઉત્સાહભેર પાછા ગયા હતા.

૧૪મી-૧૫મી નવેમ્બરે વડોદરા સેન્ટરે અડધા દિવસની યુથ વર્કશોપનું આયોજન કર્યું હતું. આ સેમિનારમાં લગભગ ૩૫ અભ્યસીઓએ ભાગ લીધો હતો. સેમિનારને પાંચ સત્રમાં વિભાજિત કરવામાં આવ્યો હતો કે જેથી યુવાનો સહજ માર્ગ સાધનાની વધારે જાણકારી મેળવી શકે, મિશનમાં તેમનો શું ભાગ છે તે સમજી લે, અને દરેક સાથે ભાઈચારો સ્થાપિત થાય. ભાગ લેનારાઓને લાગ્યું કે સેમિનાર ખૂબ ઉપયોગી રહ્યો હતા અને તેમને ખૂબ શીખવા મળ્યું હતું.

૧૫મી નવેમ્બરે, દાવનગેરે સેન્ટરે ચિત્રદુર્ગા, કરૂર, હરિહરા અને ભદ્રાવતીના ૭૦ અભ્યાસીઓ માટે એક કાર્યક્રમ યોજ્યો હતો.

ભાઈ રામાની, ભાઈ નાગેશ, બહેન ઈન્દિરાપ્રસાદ અને બહેન સુજાતા હાજર રહ્યા હતા. પહેલા સત્રમાં અભ્યાસીઓને ૪ વિભાગમાં વહેંચી નાંખ્યા હતા અને તેમને ચર્ચા માટે એક વિષય આપવામાં આવ્યો હતો. દરેક વિભાગની મુખ્ય વ્યક્તિએ ચર્ચા કરેલાં મુદ્દાઓ રજૂ કર્યા હતા. કેટલાંક અભ્યાસીઓને આ વિષયો પર પ્રશ્નો હતાં; જેનો જવાબ સ્પષ્ટપણે આપવામાં આવ્યો હતો.

બીજા સત્રમાં ભાઈ શ્રીનિવાસને સમજાવ્યું કે આધ્યાત્મિક પથમાં ગુરુ કેવી રીતે અગત્યનો ભાગ ભજવે છે અને આપણે માસ્ટરને સહકાર આપવાની જરૂર ઉપર તેમણે કહ્યું હતું.

બાળકોએ એક નાટક રજૂ કર્યું જેમાં અભ્યાસીઓનું વર્તન અને વલણ વિશે હતું. દરેક અભ્યાસી માટે કાર્યક્રમ માહિતીપૂર્ણ રહ્યો અને વાતાવરણમાં ખુશી પ્રસરી રહી.

રૂાંચ



ભૂજ



ચવનગેરે



## વીબીએસઈ – મૂલ્ય આધારિત આધ્યાત્મિક શિક્ષણ



### હોશંગાબાદ

હોશંગાબાદની 'સેવા' સ્કૂલે એક તાસ ખાસ રાખ્યો છે, જેમાં વીબીએસઈના અભ્યાસક્રમ મુજબ મૂલ્ય આધારિત શિક્ષણ આપવામાં આવે છે અને આવું છેલ્લા બે વર્ષથી ચાલે છે. આ વર્ષે વાર્ષિક સંમેલનનું આયોજન કરતી વખતે શાળાના સંચાલકોએ મૂલ્યો પર પ્રકાશ પાડવાનું નક્કી કર્યું અને એ માટે આપણા વીબીએસઈના કોઓર્ડીનેટરને મદદ કરવા કહ્યું હતું. સ્વયંસેવકોની ટુકડીએ 'ખુશી' વિષય નક્કી કર્યો અને આ ટુકડીએ વિદ્યાર્થીઓ સાથે કામ કરીને, ટૂંકું નાટક, ગીતો અને નૃત્યો તૈયાર કર્યાં હતાં. એમાં તેમણે મૂલ્યોમાં વિવિધ પાસાંઓને આવરી લીધાં હતાં. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓના માતાપિતાઓ પણ હાજર હતા અને તેથી આ રીતે મોટી સંખ્યામાં લોકોને સંદેશ પહોંચાડી શકાયો હતો.

મૂલ્ય આધારિત શિક્ષણને કારણે શાળા વધારેને વધારે માતાપિતાઓને આકર્ષિત કરી રહી છે અને આ રીતે આપણા પ્રિયતમ માલિકની નમ્રતાપૂર્વક સેવા થઈ રહી છે.

### ઉર્સુલીન કોન્વેન્ટ, રાંચી



૫મી નવેમ્બર, ૨૦૦૯ના દિવસે, એક કલાકની બેઠકમાં સમયનું સંચાલન, અને જીવનનો ઉદેશ જેવા વિષયો પર ૯૦૦થી પણ વધારે વિદ્યાર્થીઓએ વક્તવ્યો સાંભળ્યા હતા. બાળકોને મિશનની પ્રાર્થના પણ આપવામાં આવી હતી.

બાળકોને કામ કરીને ભૂલી જવાની સલાહ આપવામાં આવી હતી કે જેથી એમના મનમાં છાપનું સર્જન ન થાય. અખતરાઓ અને ઉદાહરણોના ઉપયોગથી બાળકોને સમજાવવામાં આવ્યા હતા કે આપણને સારી અને ખોટી ટેવ કેવી રીતે પડે છે અને પછી આપણે આપણી પોતાની જ ટેવોથી કેદ કેવી રીતે થઈએ છીએ. ભાઈ અરુણે સમયનું સંચાલન કરવાની રીત અને ૪ 'ડી'(અંગ્રેજી અક્ષર)નો ઉપયોગ કરીને કાર્યને કેવી રીતે વધારે સારી રીતે કરી શકાય, એ બતાવ્યું હતું. કાર્યને વિવિધ ટોપલીઓમાં નાખીને વર્ગીકરણ કરવાની સલાહ એમણે વિદ્યાર્થીઓને આપી હતી. પહેલી ટોપલીમાં જે કાર્ય બીજાને સોંપી શકાય તેવું, બીજામાં જેને પછીથી કરી શકાય, ત્રીજામાં એવું કાર્ય, જેને રદ કરી શકાય અને બાકીમાં એવું કાર્ય કે જે કરવાનું છે અને એને મોડું કર્યા સિવાય, હમણાં જ કરવું જોઈએ.

શાળાના સંચાલકો અને બાળકોને કાર્યક્રમ પસંદ આવ્યો હતો, તે બેઠકની સમાપ્તિ વખતે એમના પ્રશ્નો પરથી સાબિત થતું હતું.

### ફરાક્કા, વેસ્ટ બેંગાલ

વીબીએસઈ કાર્યક્રમનું સંચાલન, ભાઈ વિજયકુમાર અને ફરાક્કાની ડીપીએસ શાળાના પ્રિન્સિપાલ ભાઈ સુબ્રમન્યકુમાર દ્વારા કરવામાં આવ્યું હતું.

આનું વિભાજન બે દિવસોમાં કરવામાં આવ્યું હતું. પહેલી બેઠક ૧૧મી ડીસેમ્બરે, ૬–૮ ધોરણનાં લગભગ ૩૦૦ બાળકો માટે અને બીજી બેઠક ૯–૧૧ ધોરણના લગભગ ૨૦૦ બાળકો માટે રાખવામાં આવી હતી. શિક્ષકોનો સેમિનાર ૧૨મીએ રાખવામાં આવ્યો હતો, જેમાં ફરાક્કાની કેટલીક શાળાઓમાંથી ૫૭ શિક્ષકો અને ૩ પ્રિન્સિપાલે પણ હાજરી આપી હતી.

મૂલ્યોનો પરિચય ઘણા અખતરાઓ અને વાર્તાઓ દ્વારા બાળકોને આપવામાં આવ્યો હતો. બંને ગ્રુપના બાળકો ઉપરાંત શિક્ષકો અખતરાઓને ઘણી સારી રીતે સમજી શક્યા હતા. અંતમાં, બાળકોને કલ્પના કરવાનું કહેવામાં આવ્યું હતું કે જાણે તેઓ શિક્ષકો હોય અને તેમણે વિદ્યાર્થીઓ તરફથી અને વિદ્યાર્થીઓ તરીકે શિક્ષક તરફથી રાખેલી અપેક્ષાઓની નોંધ કરવાનું કહેવામાં આવ્યું હતું.

બીજા દિવસે શિક્ષકો માટે રાખવામાં આવેલા કાર્યક્રમમાં આ પ્રતિભાવ અસરકારક રીતે આપવામાં આવ્યો હતો. શિક્ષકોને કાળજીપૂર્વક વિચારવાનું કહેવામાં આવ્યું હતું કે શું તેઓ બાળકોમાં રહેલી પ્રતિભાને ખીલવા માટે ખરેખર પ્રયત્ન કરી રહ્યા છે કે પછી એમને માત્ર એમના પગાર મળવા સાથે જ નિસ્બત છે? એવું શા માટે છે કે આપણે માત્ર થોડા જ શિક્ષકોને યાદ કરીએ છીએ અને આપણને ભણાવતા બધા શિક્ષકોને કેમ યાદ નથી કરતા? શું આપણે વિદ્યાર્થીઓ માટે અનુકરણ કરવા ઉદાહરણ પૂરું પાડી રહ્યા છીએ ખરા?

બધા જ શિક્ષકો કાર્યક્રમથી ઘણાજ પ્રભાવિત થયા હતા અને કાર્યક્રમનું પુનરાવર્તન થાય તથા ધ્યાનની બેઠકનો સમાવેશ કરવામાં આવે, તે પ્રતિભાવોનો સમાવેશ થયો હતો.

### હુબલી

હુબલી સેન્ટર ખાતે ૧૦મી નવેમ્બરે ૧૦.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધીના એક કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું. બેંગલોરનાં માધુરીબેન અને સરોજબેને લગભગ ૪૧ શિક્ષકો અને લગભગ ૧૫ અભ્યાસીઓ માટે આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

માધુરીબેને મૂલ્યોનો અર્થ સમજાવ્યો હતો. જ્યારે અજીતભાઈ કામથે મૂલ્યોની આવશ્યકતા સમજાવી હતી. સરોજબેને વય સાથે બદલાતી સમજ વિશે અને ૪ થી ૭ વર્ષની વયનાં બાળકો, શિક્ષકનું કેવી રીતે અનુકરણ કરે છે એ સમજાવ્યું હતું. શિક્ષક જેવા વર્ગમાં પ્રવેશ કરે, ત્યારે શિક્ષક અથવા શિક્ષિકા, શારીરિક, માનસિક અને ભાવનાશીલનાં ત્રણ વ્યક્તિત્વ સાથે પ્રવેશ કરે છે અને બાળક પણ તેની નકલ કરીને પ્રવેશ કરે છે. બાળક શિક્ષકના મિજાજને ઘણી જ ઝડપથી વાંચી શકે છે, વડીલો કરતાં પણ વધારે ઝડપથી.

કેટલીક રમતો રમાડવામાં આવી હતી, જેનો અર્થ, હૃદયોને ખોલવાનો તથા આપો અને મેળવો, એ વિશે સહકાર આપવાનો હતો. થોડી સામૂહિક ચર્ચાઓ રાખવામાં આવી હતી, એમાં શિક્ષકોને કલીપ, અરીસો, પેન જેવી વસ્તુઓ આપવામાં આવી હતી. અને એમાંથી મૂલ્યોનો સાર શોધવાનું કહેવામાં આવ્યું હતું. શિક્ષકોને એમના ઈતિહાસ અને ભૂગોળ જેવા વિષયોને, મૂલ્યો સહિત જોડવાનું કહેવામાં આવ્યું હતું. આ વિશે પણ અરસપરસ સવાલ જવાબની બેઠક થઈ હતી. શિક્ષકોએ એમાં સંપૂર્ણપણે ભાગ લીધો હતો.

## અનુભવોની આપ-લે, બેંગલોર



૨૦મી ડીસેમ્બર, ૨૦૦૯ના રોજ પરમ ધામ ખાતે સત્સંગ પછી આગળ એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. અભ્યાસીઓએ એમના અનુભવોની અને માસ્ટરની તાજેતરની મુલાકાતમાંથી જે શીખવા મળ્યું હતું, તેની આપ-લે કરી હતી. આ બેઠકમાંથી જે થોડા વિચારો આવ્યા તે નીચે મુજબ છે.

- માસ્ટરનું કાર્ય હૃદયથી હૃદય સુધીનું છે. તેમને ખબર છે કે દરેક હૃદય શેમાંથી પસાર થઈ રહ્યું છે અને તેઓ તરત જ એ હૃદયની પીડા પ્રત્યે એમની લાગણી દર્શાવે છે. આપણે તો ફક્ત તેને 'તેમના' માટે ખુલ્લું રાખવાનું છે.
- માસ્ટર કહે છે કે ખરું ચારિત્ર્ય એ છે કે તમે જેવા બહાર છો, એવા જ અંદર રહો. આપણે ગુરુજીનું નિરીક્ષણ કરીને, વ્યવહારમાં તે કેવી રીતે લાવવું, એ શીખીએ છીએ.
- ગુરુજીની દરેક મુલાકાત અભ્યાસીઓને ધીરજ અને રાહ્ જોતાં શીખવાની એક કળા છે. તેથી ગુરુજીની મુલાકાત આપણને વિવિધ સ્તરે પ્રતિક્ષા કરવાનું શીખવા માટેની તાલિમ પૂરી પાડે છે.
- ગુરુજીની કોઈ પણ સેન્ટરની મુલાકાત આપણા આધ્યાત્મિક અભ્યાસમાં વિકાસ પામવાની તક આપે છે. તેથી આપણે

તેમની મુલાકાત લેતાં પહેલાં આપણી જાતને સારી રીતે તૈયાર કરીને આ તકનો વધારે ને વધારે લાભ લેવો જોઈએ.

ઘણા અનુભવોને શબ્દોમાં વર્ણવી શકાતા નથી. એમને આપણા હૃદયના ગહન એકાંતમાં સંગ્રહ કરી રાખવાના હોય છે અને તેને માસ્ટર પ્રત્યે કૃતજ્ઞતા અને પ્રેમમાં પરિવર્તિત કરવા જોઈએ.

## વાર્ષિકોત્સવ, કોલકતા આશ્રમ

કોલકતા આશ્રમનો ૬ઠ્ઠો વાર્ષિકોત્સવ ઉજવવા માટે ૨૫મી ડિસેમ્બરે બાળકો અને અભ્યાસીઓ માટે રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. બહેન જૈન અને બહેન કોઠારી દ્વારા આયોજીત આ રમતોમાં બધી જ વયના ૧૦૦થી વધારે લોકો ભાગ લીધો હતો.



ત્રણ વર્ષની નીચેના બાળકો માટે ભેટવાની સ્પર્ધા રાખવામાં આવી હતી, જેમાં ભાગ લેનારા દોડતા હતા અને તેમના માતાપિતાને ભેટતા હતા. જે ભાગ લેનારાઓ મોટી વયના હતા, તેઓ એક વાટકામાં ભેગા કરેલા દાળ અને રાજમાને છૂટા પાડવાની રમત રમ્યા હતા. અભ્યાસીઓ આશ્રમ પર આવે, એ માટેનું પ્રેરકબળ બાળકો બન્યાં હતાં, જે આ બનાવનું અજોડ પાસું હતું.

## આત્મ-શોધ અને પ્રતિબિંબ, ઈંદોર

૧૮થી ૨૨ ડિસેમ્બર, પાંચ દિવસ સુધી ૮ અભ્યાસીઓ આશ્રમના નીરવ વાતાવરણમાં રહ્યા હતા. બેઠકનો હેતુ હૃદયના ઊંડાણમાં દ્રષ્ટિપાત કરવાનો હતો.

એ દરમિયાન એકપણ ભાષણ કે પ્રવચન નહતું કારણકે ભાગ લેનારાઓને આત્મનિરીક્ષણ કરવાની, ડાયરી લખવાની, પુસ્તકો વાંચવાની અને ધ્યાન કરવાની વિનંતી કરવામાં આવી હતી.

ભાઈ દેશપાંડે પ્રેરણાના થોડા શબ્દો બોલ્યા હતા. દરરોજ સવારે અને સાંજે એક પ્રશિક્ષક આશ્રમની મુલાકાત લેતા હતા, કે જેથી તેઓ વ્યક્તિગત ધ્યાનની બેઠક લઈ શકે.

અભ્યાસીઓએ તાજગીનો અનુભવ કર્યો હતો, આંતરિક શાંતિ અનુભવી હતી અને ધ્યેય માટેના દ્રઢ નિર્ણય સહિત દુન્યવી જીવનમાં પુન:પ્રવેશ્યા હતા. અવિનાશભાઈ કરમકર અને રાજેશભાઈ રાવેરકર દ્વારા પ્રવૃત્તિની એકસૂત્રતા સ્થાપવામા આવી હતી. આ બેઠક પ્રાદેશિક સ્તરે પણ રાખવાની યોજના છે.

## મહારાષ્ટ્ર યુથ કન્વેન્શન-પૂના



૧૮થી ૨૦ ડિસેમ્બર, ૨૦૦૯ દરમિયાન પૂના ખાતે રાખવામાં આવેલા યુથ કન્વેન્શનમાં ૪૭ અભ્યાસીઓએ હાજરી આપી હતી .

નિયમાનુસાર ચર્ચાઓ સિવાય, વ્યક્તિગત સાધના પર પણ પ્રકાશ પાડવામાં આવ્યો હતો. ભાઈ વૈદ્યે ભાગ લેનારાઓનું સ્વાગત કર્યું હતું.અને શિક્ષકગણના સદસ્યોનો પરિચય કરાવ્યો હતો. ભાગ લેનારાઓનું આઠ જૂથમાં વિભાજન કરવામાં આવ્યું હતું. દરેક જૂથે રાજયોગના એક પાસા વિશે બોલવાનું હતું અને પછી એમનો પોતાનો પરિચય આપવાનો હતો. દિવસ દરમિયાન આવરી લેવામાં આવેલા વિષયો હતા: આત્મ-વિકાસ, સહજ માર્ગ એક માર્ગ, રોજિંદી સાધના, પ્રેમ, દયા અને ક્ષમા, શ્રધ્ધા અને સાધના દ્વારા આંતરિકબળ, મહત્વાકાંક્ષા અને આકાંક્ષા, ચારિત્ર્ય અને પરિવર્તન તથા તણાવને કેવી રીતે કાબૂમાં લેવો.

બીજા દિવસના વિષયો હતા: જીવનનું સંતુલન – એક કલા, આપણા સમાજ પ્રત્યેની આપણી જવાબદારી, માસ્ટર સાથે સંબંધ વિકસાવવો, વગેરે. અસરકારક વાર્તાલાપ સાથે કાર્યક્રમ તો સમાપ્ત થયો, પરંતુ નવા ભાગ લેનારાઓ માટે નવીન શરૂઆત થઈ.

## અલ્હાબાદ આશ્રમ

અલ્હાબાદ સેન્ટરની શરૂઆત ૧૯૬૫માં ઔપચારિક રીતે થઈ હતી અને શ્રી એમ.એલ.ચતુર્વેદીને પ્રશિક્ષક અને સેન્ટર-ઈન-ચાર્જ બનાવવામાં આવ્યા હતા. બધી કાર્યવાહી તેમના ઘરેથી ચાલતી હતી અને ૧૯૯૪ સુધી, રવિવારનો સત્સંગ પણ તેમને ત્યાં જ રખાતો હતો.







સ્થાનિક અભ્યાસીઓએ મુન્ડેરા, અલ્હાબાદમાંની ૧૩ એકર જમીન ખરીદી હતી. આમાંની ૪ એકર જમીન મિશનને દાનપેટે આપવામાં આવી હતી. ૧૩મી એપ્રિલ ૧૯૯૪ના રોજ તેની નોંધણી થઈ હતી અને પૂ.માસ્ટરના આશીર્વાદથી, રવિવાર, ૧૩મી નવેંબર ૧૯૯૪ના રોજ, આ જગ્યાએ પ્રથમ સત્સંગ કરવામાં આવ્યો હતો.



તે પછી, આરઆરકે ત્રિવેદીના પ્રયત્નોથી, તા.૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬ના રોજ ઉત્તર પ્રદેશના માનનીય ગવર્નર શ્રી મોતીલાલ વ્હોરાએ શ્રી મેડિટેશન હોલ બાંધવા માટેની પહેલી નાણાંકિય ગ્રાન્ટની મંજૂરી આપી હતી. પૂ.માસ્ટરની દિવ્ય ઉપસ્થિતિમાં ૯મી માર્ચ ૧૯૯૬ના રોજ, માનનીય ગવર્નરસાહેબ દ્વારા શિલારોપણ વિધિ થઈ હતી. તે દિવસના તેમના વકતવ્યમાં પૂ.માસ્ટરે જણાવ્યું કે હિમાલયમાં રહેતા અને તપશ્ચર્યા કરતા ઋષિઓ દૈવી માર્ગદર્શનથી મેળવતા સૂચનોને લોકોના હૃદય સુધી કેવી રીતે પહોંચાડતા હતા. માસ્ટરે જણાવ્યું કે શ્રી વ્હોરાએ પણ દિવ્ય યોજના માટેનું કામ કર્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જેમની પાસે સત્તા અને હોદ્દો હોય છે, તેમણે લોકોના માત્ર સામાજિક કલ્યાણ માટે જ નહીં, પરંતુ લોકોની આધ્યાત્મિક ઉન્નતિ માટે પણ સહાય કરવી જોઈએ. મેડિટેશન હોલના બાંધકામ માટે બીજી ત્રણ ગ્રાન્ટની સહાય પણ મળી હતી.



પૂ.માસ્ટરે મેડિટેશન હોલનું ઉદઘાટન ૧૪મી નવેમ્બર ૧૯૯૭ના રોજ કર્યું હતું. જમીનના માળનો વિસ્તાર ૧૦,૦૦૦ ચો.ફૂટ છે અને ૨,૦૦૦ ફૂટની બે બાલ્કનીઓ છે. તેમના વકતવ્યમાં માસ્ટરે કહ્યું કે આ સેન્ટરમાં આશ્રમ તો હશે જ. નવાઈ પમાડે એવી વાત છે કે બાંધકામ એટલું ઝડપથી થયું અને આ શક્ય એટલે થયું કે બધાં જ લોકોએ દિલથી કામ કર્યું હતું. તેમણે કહ્યું કે મિશનમાં યુવાનો આપણી સેના છે, તેઓ આપણી તાકાત છે અને મોટાંઓમાં જે ઉત્સાહની કમી હોય છે, તે તેમનામાં પૂરેપૂરો હોય છે.



ભાઈ યુ.એસ.બાજપાઈજીના સતત પ્રયત્નોથી, ઉત્તર પ્રદેશની સરકાર દ્વારા વધારે ગ્રાન્ટ મળતી રહી અને માસ્ટરનું કોટેજ, લાઈબ્રેરી, વાંચનકક્ષ, રસોડું, જમવાનો ઓરડો, ડોરમેટરિ, ટોઈલેટ બ્લોક્સ, અને રસ્તાઓનું બાંધકામ થતું ગયું. આમ, અલ્હાબાદના આશ્રમના વિકાસ માટે ઉત્તર પ્રદેશની સરકારે કુલ મળીને ૮૦ લાખની ગ્રાન્ટ આપી છે. મિશનનો આ પહેલો આશ્રમ છે કે જેના માટે સરકાર તરફથી ઘણી કહી શકાય તેવી ગ્રાન્ટ મળી હોય. માસ્ટરના કોટેજ પાસે એક સુંદર મજાનો બાગ છે, જેમાં વિવિધ પ્રકારના ફળ-ફૂલના વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે.

આશ્રમ ખાતે સ્વાસ્થ્ય કેન્દ્ર સંપૂર્ણપણે કાર્યરત છે અને અહીં આજુબાજુથી ગરીબ અને જરૂરિયાતવાળા ઘણાં લોકો આવે છે.

રવિવારે સત્સંગ માટે લગભગ ૪૦૦ અભ્યાસીઓ અહીં આવે છે. દરરોજ સવારે અને સાંજે પણ સત્સંગ હોય છે. આશ્રમમાં વિવિધ ટ્રેનીંગ કાર્યક્રમો પણ ચાલતા હોય છે.



To download or subscribe to this newsletter, please visit http://www.sahajmarg.org/newsletter/india For feedback, suggestions and news articles please send email to in.newsletter@srcm.org

© 2009 Shri Ram Chandra Mission ("SRCM"). All rights reserved. "Shri Ram Chandra Mission", "Sahaj Marg", "SRCM", "Constant Remembrance" and the Mission's Emblem are registered Trademarks of Shri Ram Chandra Mission.This Newsletter is intended exclusively for the members of SRCM. The views expressed in the various articles are provided by various volunteers and are not necessarily those of SRCM.